રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં જણાવેલ ભારતીય જ્ઞાનપ્રણાલી (Indian Knowledge System) સંદર્ભે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી ક્રમશઃ રાજ્યની શાળાઓમાં ધોરણ-૬ થી ૧૦માં વૈદિક ગણિતના (Vedic Mathematics) અમલીકરણ બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:- જશભ/૧૨૨૧/સિં.ફા.-૯/ન
સચિવાલય, ગાંધીનગર
તા૨૩/૧૨/૨૦૨૧

વંચાણે લીધું : શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦

પ્રસ્તાવના:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦માં શિક્ષણમાં જણાવેલ ભારતીય જ્ઞાન પ્રણાલી અન્વયે ગુજરાત રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભારતની ભવ્ય સંસ્કૃતિ અને તેના વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે જરૂરી છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ભારતીય સંસ્કૃતિ અનેક રીતે ભાગ ભજવે છે. ભારતમાં પ્રાચીન સમયથી ગણિત ક્ષેત્રે ઘણું કાર્ય થતું આવ્યું છે. આ કાર્યમાં વૈદિક ગણિત વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાને મજબૂત બનાવવામાં અને તેનું સરળીકરણ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. વૈદિક ગણિતનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં વિષય પરત્વેનો ઉત્સાહ, આનંદ અને આત્મવિશ્વાસ વધારી શકાય છે. આથી વૈદિક ગણિતનો પરિચય કરાવવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ની ઉપરોક્ત બાબતો પર પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧) સ્કૂલ્સ ઓફ એક્સલન્સ (SoE) અંતર્ગત તબક્કાવાર પસંદ થનાર ૨૦,૦૦૦ સરકારી અને અનુદાનિત શાળાઓમાં વૈદિક ગણિતનો ફરજીયાત અમલ કરવાનો રહેશે. જ્યારે, અન્ય સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં સ્થાનિક પરિસ્થિતિને

ધ્યાને લઇ સ્વૈચ્છિક ધોરણે અમલ કરવાનો રહેશે.

૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી વૈદિક ગણિતનું તબક્કાવાર અમલીકરણ નીચે મુજબ કરવાનું રહેશે.

- પ્રથમ તબક્કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ધોરણ ૬,૭ અને ૯
- બીજા તબક્કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં ધોરણ ૮ અને ૧૦

૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં પ્રથમ તબક્કે ધોરણ ૭ અને ૯ માં અને પછીના વર્ષોમાં જરૂરિયાત મુજબ અન્ય ધોરણમાં પણ બ્રીજકોર્સ કરાવાનો રહેશે.

૪) અભ્યાસક્રમ અંગેની જરૂરિયાત મુજબની તાલીમ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા યોજવાની રહેશે.

૫) ધોરણ ૬ થી ૮ માટેનું સાહિત્ય (Printed, Audio-Visual etc.) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા અને ધોરણ ૯ અને ૧૦ માટેનું સાહિત્ય (Printed, Audio-Visual etc.) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB), ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.

૬) શાળાઓમાં વૈદિક ગણિત આધારિત વિશેષ દિન ઉજવણી, ક્વિઝ અને કોયડા ઉકેલ જેવી વિવિધ સ્પર્ધાઓ અને ગણિત પ્રદર્શન જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવાની રહેશે.

૭) સદર સાહિત્યનું મુદ્રણ અને વિતરણ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

B.N.Er

(ભાવેશ એરડા)
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.-૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં.-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, પાઠ્ય પુસ્તક મંડળ, સેક્ટર-૧૦(એ), ગાંધીનગર.
- તમામ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે ટ્રાન્સફોર્સની રચનાના સભ્યશ્રીઓ (નિયામકશ્રી જી.સી.ઈ.આર.ટી. મારફત)
- સેક્શન અધિકારીશ્રી કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર. (ગુજરાત સરકારની શિક્ષણ વિભાગની વેબસાઈટ પર પ્રસિધ્ધિ સારૂ)
- ના.સે.અ., સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ.